GJSN060000892026

**આંક– ૨૨**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દાવો પ્રાપ્તિ તારીખ | | | | ૧૯/૦૨/૨૦૨૬ | | |
| દાવો દાખલ તારીખ | | | | ૧૯/૦૨/૨૦૨૬ | | |
| દાવો નિર્ણિત તારીખ | | | | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | ૦૦ | વર્ષ | ૦૧ | માસ | ૦૬ | દિવસ |

**મુળીના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની અદાલત સમક્ષ, મુ.મુળી**

**રેગ્યુલર દિવાની કેસ નં.૨૫/૨૦૨૬**

**સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા,**
સરલા શાખા, વતી મેનેજર,
શ્રી ગીરીશ મૈસુરભાઇ ચાવડા, ઉ.વ.આ.૪૩, ધંધો : નોકરી,
રહે. મુ.સરલા, તા.મુળી, જિ.સુરેન્દ્રનગર. **–વાદી.**

–// વિરૂધ્ધ //–

(૧) **રામાભાઇ સોમાભાઇ કોળી**
ઉ.વ.આ.૫૫, ધંધો : ઘરકામ

(૨) **લખમણભાઇ સોમાભાઇ કોળી**
ઉ.વ.આ.૫૨, ધંધો : ખેતી
રહે. મુ.ગઢડા, તા.મુળી, જિ.સુરેન્દ્રનગર. **–પ્રતિવાદી.**

દાવો ::–**રૂા.૪,૧૧,૮૮૨/– પૈસા વસુલ મેળવવા માટેનો દાવો.**

---

**વાદી તરફે ::– વિદ્વાન વકીલ શ્રી ડી.એમ.જોષી**

**પ્રતિવાદી તરફે ::– એકતરફી**

---

**-:: <u>ઠરાવ</u> ::-**

(૧) વાદીના દાવાની ટુંકમા હકીકત એવી છે કે, વાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકટ સને-૧૯૫૫ હેઠળ રચાયેલ બેંક છે. વાદી બેંકની ભારતમાં જુદા જુદા શહેરોમાં શાખાઓ આવેલ છે અને તે પૈકીની એક શાખા મુળી તાલુકાના ગામ **સરલા** મુકામે આવેલ છે. વાદી બેંકનો મુખ્ય ધંધો નાણાં ધીરધારનો અને બેંકીગને લગતો છે. તેની હેડ ઓફીસ મુંબઇ મુકામે, રીઝીયોનલ ઓફીસ સુરેન્દ્રનગર મુકામે તથા તેની શાખા **સરલા** મુકામે આવેલ છે. વાદી બેંકના મેનેજરશ્રીને હોદ્ધાની રૂએ આ દાવો દાખલ કરવાનો અધિકાર છે. દાવાની હકીકતે આ કામના પ્રતિવાદીએ વાદી બેંક પાસે **ખેતી વિષયક (કે.સી.સી.)** ધીરાણની માંગણી કરતા વાદી બેંક તરફથી પ્રતિવાદીને વખતો વખતના નિયમો મુજબ **રૂા.૩,૦૦,૦૦૦/-** સુધીની મર્યાદાનુ ધીરાણ **તા.૨૮/૦૫/૨૦૧૮** ના રોજ વાર્ષિક **૧૧.૪ %** વ્યાજથી ધીરાણ આપવામાં આવેલ અને પ્રતિવાદીએ ધીરાણ લેતા સમયે વાદી બેંકની તરફેણમાં દસ્તાવેજો અને આનુસાંગિક કરારો વિગેરે જેવા કે હાઇપોથીકેશન ડીડ, વ્યવસ્થાપત્ર કરી આપી તેઓની માલીકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન વાદી બેંક જોગ નોંધાવી ચાર્જ ઉભો કરેલ છે. પ્રતિવાદીએ લીધેલ **લોનનો ખાતા નં.૩૩૨૧૪૮૩૭૧૩૫** છે. બેંક પ્રતિવાદીનુ લોન ખાતુ કમ્પ્યુટરાઇઝ નીભાવે છે. પ્રતિવાદીએ મંજુર થયેલ લીમીટ અનુસંધાને છેલ્લે રકમ **રૂા.૨,૭૬,૦૦૦/-** નો ઉપાડ **તા.૧૩/૦૧/૨૦૨૨** ના રોજ **૧૧.૪ %** વ્યાજે કરેલ છે. ધીરાણ અનુસંધાને પ્રતિવાદીએ **તા.૨૦/૦૪/૨૦૨૧ તથા તા.૨૧/૦૩/૨૦૨૪** ના રોજ રીવાઇવલ લેટર કરી આપી બેંકનુ લેણું સ્વીકારીને ધીરાણ નિયમીત કરી આપેલ છે. પ્રતિવાદીનુ લોન ખાતુ **તા.૧૩/૦૭/૨૦૨૪** ના રોજ એન.પી.એ. થયેલ છે. વાદી બેંક તરફથી પ્રતિવાદીને બાકી લેણી રકમ ભરપાઇ કરી આપવા માટે અવાર-નવાર મૌખિક તેમજ લેખિતમાં જાણ કરવામાં આવેલ છે તેમ છતાં પ્રતિવાદીએ બેંકની બાકી લેણી રકમ વસુલ આપેલ નથી. વાદી બેંકની **તા.૦૨/૦૧/૨૦૨૬** સુધીની બાકી રકમ **રૂા.૨૭૮૪૫૦/-** તથા તે રકમ પરનુ વ્યાજ, દંડનીય વ્યાજ, અન્ય ચાર્જની રકમ **રૂા.૧૩૩૪૩૨/-** મળી કુલ

વ્યાજ સહીતની ધીરાણની રકમ **રૂા.૪,૧૧,૮૮૨/–** પ્રતિવાદી પાસે બાકી લેણી છે તેમજ ત્યારબાદ તા.**૦૩/૦૧/૨૦૨૬** થી ચડત વ્યાજની રકમ પણ બાકી છે. જેથી ઉપરોકત હકીકતે વાદીએ પ્રતિવાદી પાસેથી **તા.૦૨/૦૧/૨૦૨૬** સુધીની બાકી લેણી રકમ **રૂા.૪,૧૧,૮૮૨/–** વસુલ થતા સુધી **૧૩.૪ %** ના ચડત તથા દંડનીય વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મીલ્કતોથી વસુલ કરી શકાય તેવુ હુકમનામુ વાદી બેન્કના લાભમાં પ્રતિવાદી વિરૂદ્ધ કરી અપાવવા તેમજ ન્યાય અને ઇકવીટીના ધોરણે અન્ય જે કાંઇ દાદ મળી શકતી હોય તે અપાવવા દાદ માંગતો દાવો દાખલ કરેલ છે.

**(૨)** દાવો દાખલ થતા, દાવાનો સમન્સ પ્રતિવાદીને કરવામાં આવેલ, જે સમન્સ પ્રતિવાદીને ધોરણસર બજી ગયેલ છે તેમ છતાં પ્રતિવાદી જાતે કે મુખત્યાર મારફત કે વકીલશ્રી મારફત હાજર થયેલ ન હોઇ, પ્રતિવાદી વિરૂદ્ધ દાવાનુ કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૩)** વાદી તરફથી દાવાના સમર્થનમાં નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| **ક્રમ** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૧ | ગીરીશ મૈસુરભાઇ ચાવડાનુ પુરાવાનુ સોગંદનામુ | ૯ |

**દસ્તાવેજી પુરાવો :–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ધીરાણ માટેનુ અરજીપત્રક | ૧૧ |
| ૨ | વ્યવસ્થા પત્ર | ૧૨ |
| ૩ | સાનગીરોનો કરાર | ૧૩ |
| ૪ | બોજા નોંધ માટેનુ પરિશિષ્ટ–એ | ૧૪ |
| ૫ | રીવાઇવલ લેટર | ૧૫ |
| ૬ | રીવાઇવલ લેટર | ૧૬ |

| | | |
|---|---|---|
| ૭ | પ્રતિવાદીને આપેલ નોટીસ | ૧૭ |
| ૮ | ગામ નમુના નં.૮–અ | ૧૮ |
| ૯ | ગામ નમુના નં.૭ | ૧૯ |
| ૧૦ | લોન ખાતુ, કલોઝર ઈન્કવાયરી, સર્ટીફીકેટ | ૨૦ |

ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખ્યા બાદ વાદી વધુ પુરાવો આપવા માંગતા ન હોય આંક–૨૧ થી કલોઝીંગ પુરશીસ રજુ રાખેલ છે.

**(૪)** વાદી તરફે વિદ્ધાન વકીલ શ્રી ડી.એમ.જોષીની દલીલો સાંભળી.

**(૫)** અત્રેની કોર્ટ દ્ધારા આ દાવાના ન્યાયિક નિર્ણય તથા નિકાલ અર્થે આંક–૮ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

(૧) શું વાદી બેંક પુરવાર કરે છે કે, વાદી બેંક પાસેથી પ્રતિવાદીઓએ ધીરાણ મેળવેલ છે અને તે અંગેના લખાણો વાદી બેંકને કરી આપેલ છે?

(૨) શું વાદી બેંક પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસેથી વાદી બેંકની ધીરાણની રકમ બાકી નીકળે છે?

(૩) શું વાદી બેંક વ્યાજ મેળવવા હક્કદાર છે? જો હા તો કેટલા દરે?

(૪) શું હાલનો દાવો સમય મર્યાદામાં છે?

(૫) શું વાદી બેંક દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદો મેળવવા હક્કદાર છે?

(૬) શું હુકમ? શું હુકમનામુ?

**(૬)** ઉપરોકત મુદ્દા અંગેના આ કોર્ટના જવાબ તથા તેના કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) : હકારમાં.

મુદ્દા નં. (૨) : હકારમાં.

મુદ્દા નં. (૩) : હકારમાં વાર્ષિક ૬% ના સાદા વ્યાજ દરે.

મુદ્દા નં. (૪) : હકારમાં.

મુદ્દા નં. (૫) : અંશત: હકારમાં.

મુદ્દા નં. (૬) : આખરી હુકમ મુજબ.

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>મુદ્દા નં.૧ થી ૫ ની સંયુકત ચર્ચા</u> :**

**(૭)** અત્રેની કોર્ટ દ્વારા ઉપરોકત મુદ્દાઓની હકીકતોનુ પુનરાવર્તન ન થાય તે હેતુથી સંયુકત ચર્ચા હાથ ધરવામાં આવેલ છે.

(૮) આ કામે વાદી બેંક તરફથી વાદી બેંકની **સરલા** શાખાના ઓફિસર ગીરીશ મૈસુરભાઇ ચાવડાનું **આંક–૯** થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરી મુખ્યત્વે દાવા અરજી આંક–૧ માં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી ખેતી વિષયક પાક ધિરાણ એકાઉન્ટ **નં.૩૩૨૧૪૮૩૭૧૩૫** મંજુર કરાવી **રૂા.૩,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા)** સુધીની મર્યાદાનું ધીરાણ મેળવેલ છે. પ્રતિવાદીએ **તા.૦૬/૦૮/૨૦૧૩** ના રોજ પરિશિષ્ટ–એ કરી આપી વાદી બેંકની તરફેણમાં દસ્તાવેજો અને આનુસાંગિક કરારો વિગેરે જેવા કે હાઇપોથીકેશન ડીડ, વ્યવસ્થાપત્ર કરી આપી તેઓની માલીકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન વાદી બેંક જોગ નોંધાવી ચાર્જ ઉભો કરેલ છે અને તે બોજો કન્ટીન્યુ રાખી ધીરાણ મેળવેલ છે. પ્રતિવાદીએ **તા.૨૦/૦૪/૨૦૨૧ તથા તા.૨૧/૦૩/૨૦૨૪** ના રોજ રીવાઇવલ લેટર કરી આપેલ છે. પ્રતિવાદીએ લોનની વ્યાજ સહીતની રકમ ભરપાઇ કરેલ નથી અને બેંકની બાકી રકમ ચુકવવામાં તેઓ નિષ્ફળ ગયેલ હોય પ્રતિવાદીનુ લોન ખાતુ **તા.૧૩/૦૭/૨૦૨૪** ના રોજ એન.પી.એ. થયેલ છે. વાદી બેંક તરફથી પ્રતિવાદીને બાકી લેણી રકમ ભરપાઇ કરી આપવા માટે અવાર–નવાર મૌખિક તેમજ લેખિતમાં જાણ કરવામાં આવેલ છે તેમ છતાં પ્રતિવાદીએ બેંકની બાકી લેણી રકમ વસુલ આપેલ નથી. વાદી બેંકની

**તા.૦૨/૦૧/૨૦૨૬** સુધીની વ્યાજ સહીતની ધીરાણની રકમ **રૂા.૪,૧૧,૮૮૨/–** પ્રતિવાદી પાસે બાકી લેણી છે તેમજ ત્યારબાદ **તા.૦૩/૦૧/૨૦૨૬** થી ચડત વ્યાજની રકમ પણ બાકી છે. જેથી આવી રકમ વસુલ મેળવવા માટે હાલનો દાવો લાવેલ હોવાનુ જણાવી દાવાના સમર્થનમાં **આંક–૧૧ થી ૨૦** સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. આ કામે વાદી બેંકના સાહેદે આપેલ ઉપરોકત પુરાવાને તથા પુરાવા દરમિયાન રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને પ્રતિવાદી દ્વારા ચેલેંજ કરવામાં આવેલ નથી કે, વાદીના સાહેદે આપેલ પુરાવા વિરૂદ્ધ અનુમાન કરી શકાય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. તે સંજોગોમાં વાદી બેંકના સાહેદે આપેલ પુરાવાને ન માનવા માટેનું કોઈ કારણ નથી. આ સંજોગોમાં રજુ થયેલ વાદીના સાહેદની જુબાની તથા દસ્તાવેજી પુરાવા મુજબ પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી ખેતી વિષયક પાક ધીરાણ એકાઉન્ટ **નં.૩૩૨૧૪૮૩૭૧૩૫** મંજુર કરાવી **રૂા.૩,૦૦,૦૦૦/–** સુધીની મર્યાદાનું ધીરાણ મંજુર કરાવી મંજુર થયેલ લીમીટ અનુસંધાને છેલ્લે રકમ **રૂા.૨,૭૬,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ છોતેર હજાર પુરા)** નો ઉપાડ **તા.૧૩/૦૧/૨૦૨૨** ના રોજ કરી લોનની બાકી રકમ નિયત સમયમાં વારંવાર ઉઘરાણી કરવા છતાં વસુલ નહી આપી તેમજ પ્રતિવાદીએ **તા.૨૦/૦૪/૨૦૨૧ તથા તા.૨૧/૦૩/૨૦૨૪**ના રોજ લોન ચાલુ રાખવા અંગેનો પત્ર (રીવાઇવલ લેટર) લખી આપેલ હોવા છતાં તેમજ વાદી બેંકે તેમના વકીલશ્રી મારફતે પ્રતિવાદીને નોટીસ આપેલ હોવા છતાં પ્રતિવાદીએ રકમ વસુલ ન આપતા વાદી બેંક દ્વારા હાલનો દાવો કરવામાં આવેલ હોવાનુ જણાઇ આવે છે. આ સંજોગોમાં પ્રતિવાદીએ **તા.૨૮/૦૫/૨૦૧૮** ના રોજ **રૂા.૩,૦૦,૦૦૦/–** સુધીની મર્યાદાનુ ધીરાણ વાદી બેંક પાસેથી મેળવી વાદી બેંકની તરફેણમાં જરૂરી દસ્તાવેજો કરી આપેલ હોવાનું તેમજ વાદી બેંકની ધીરાણ મુજબની રકમ પ્રતિવાદીની કસુરના કારણે પ્રતિવાદી પાસે બાકી લેણી હોવાનું સાબીત થાય છે.

(૯) આ કામે પ્રતિવાદી દ્વારા છેલ્લે **તા.૨૦/૦૪/૨૦૨૧ તથા તા.૨૧/૦૩/૨૦૨૪** ના રોજ આંક–૧૫ અને ૧૬ વાળા રીવાઇવલ લેટર કરી આપી વાદી બેંકના લેણાનો સ્વીકાર કરેલ છે. હાલનો દાવો જોતા વાદીએ

હાલનો દાવો **તા.૧૯/૦૨/૨૦૨૬** ના રોજ દાખલ કરેલ છે, તે હકીકત ધ્યાને લેતા વાદીનો હાલનો દાવો સમય મર્યાદામાં હોવાનુ જણાય છે. વધુમાં વાદી બેંક દ્વારા લેણી રકમ બેંકના ધરાધોરણ મુજબ **૧૩.૪ %** ના વ્યાજ સાથે વસુલ અપાવવા માંગણી કરેલ છે. પરંતુ વાદીએ કરેલ વ્યાજની માંગણી વધારે પડતી હોય તેમજ સી.પી.સી. ની કલમ-૩૪ ધ્યાને લેતા વ્યાજનો દર વાર્ષિક ૬% મંજુર કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ હોય, દાવા તારીખથી લોનની બાકી લેણી રકમ મંજુર કરવી ન્યાયોચીત જણાય છે, જેથી અત્રે ઉપસ્થિત મુદ્દા નં. ૧ થી ૫ નો નિર્ણય હકારમાં નિર્ણીત કરી, મુદ્દા નં.૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: *હુકમ* ::-**

(૧) વાદી બેંકનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીએ વાદી બેંકે આપેલ લોનની લેણી રકમ **રૂ.૨,૭૬,૦૦૦/-** (અંકે રૂપિયા બે લાખ છોતેર હજાર પુરા) દાવા તારીખથી રકમ વસુલ થતા સુધી વાર્ષિક **૬%** નાં વ્યાજ દરે વસુલ આપવી.

(૩) વાદી બેંકને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજ તારીખ **૨૫મી**, માહે-**માર્ચ**, સને-**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : મુળી.
તારીખ : ૨૫/૦૩/૨૦૨૬

**(કૌશીક નરોત્તમભાઇ નિમાવત)**
મુખ્ય સિવિલ જજ, મુળી
કોડ નં. જીજે ૦૧૫૭૬